www.prepp.in

Prepp
Your Personal Exams Guide



**પ્રશ્ન : ૦૧** નીચે આપેલ ત્રણ વિકલ્પોમાંથી કોઇ એક મુદ્દા પર ઓછામાં ઓછા ૨૫૦ અને વધુમાં વધુ **૩૦૦** શબ્દોમાં, યોગ્ય ઉદાહરણોનો આધાર લઈને નિબંધ લખો. (૨૦ ગુણ)

૧.૧ "સિધ્ધિ તેને જઇ વરે, જે પરસેવે નહાય" – સૂત્રની મહત્તા

૧.૨ "હ્યુમન સ્ટ્રેસ મેનેજમેન્ટ" – પડકારો અને પરિણામો

૧.૩ "કાસ્ટીંગ કાઉચ"ની વ્યક્તિગત અને સામાજિક અસર

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 20 |

**પ્રશ્ન : ૦૨** નીચે આપેલ ત્રણ વિકલ્પોમાંથી કોઇ પણ બે પંક્તિઓનો આશરે **૧૦૦** શબ્દોમાં વિચારવિસ્તાર કરો. (૧૦ ગુણ × ૦૨ પંક્તિઓ) (૨૦ ગુણ)

૨.૧ છેલ્લો કટોરો ઝેરનો આ પી જજો બાપુ
સાગર પીનારા અંજલિ નવ ઢોળજો બાપુ
- ઝવેરચંદ મેઘાણી

૨.૨ ટીપી ટીપી બધું તે અવલ નવલ ત્યાં અર્પવા ઘાટ એને
ઝીંકી રહે ઘા, ભુજા, ઓ, લઇ ઘણ, જગને ઘા થકી ઘાટ દેને
- સુંદરમ્

૨.૩ હરિકૃપાથી મમ લેખ ચિત્રથી જીવતો છઉં હું દમથી
વીર સત્ય ને રસિક ટેકીપણું અરિ પણ ગાશે દિલથી
- નર્મદ

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 20 |

**પ્રશ્ન : ૦૩** નીચે આપેલ ગદ્યખંડનો (319 શબ્દો), મૂળ વિચાર જળવાઇ રહે એ રીતે લગભગ ૧/૩ ભાગમાં સંક્ષેપ કરો. (૧૫ ગુણ)

ગ્રીક અને બીજી ઇન્ડોયુરોપિયન ભાષાઓ દ્વારા રચાયેલાં વિચારનાં માળખાંની બહાર નીકળી આવવા માટે પશ્ચિમેતર ભાષાઓ તરફથી ઇંગિતો થતાં રહ્યાં છે. આમ છતાં બીજી ભાષાઓને માત્ર 'અનુભવને સંગઠિત કરવાનાં બીજાં માળખાંઓ' ગણીને એ બધી ભાષાથી નિર્લિપ્ત રહેવું અને અન્તર જાળવી રાખવું એવી નીતિ અત્યારે પ્રવર્તતી જોવામાં આવે છે. અનુભવ તો સાર્વત્રિક જ હોય એવું ગૃહીત એની પાછળ રહ્યું હોય છે. આમ બીજી ભાષાઓ પશ્ચિમે સ્વીકારેલી વાસ્તવિકતાની સામે કશો ભય ઊભો કરતી નથી. માનવજાતિનું પશ્ચિમીકરણ જેમ જેમ વધતું ગયું તેમ તેમ યુરોપિયન મોડેલના પર આધાર રાખનારાં વૈશ્વિક માળખાંઓ ઊભાં થશે એવી આશા રહેવા લાગી. એડમંડ હુસેર્લે પણ આ જ રીતે વિચાર્યું. યુરોપના વિજ્ઞાન અને ટેક્નોલોજીને બધે સ્વીકૃતિ મળતી ગઇ હતી તેથી આવી આશા બંધાવા લાગી હતી. આ જ ક્રમમાં આગળ વધીએ તો વૈશ્વિક ભાષાની કલ્પના કરવાની રહે. એમાં જાગતિક અનુભવ નામે વ્યક્ત થઇ શકે. આવો અભિગમ યુરોપની દૃષ્ટિએ આપવામાં આવતી ભાષાની, માનવીની અને વાસ્તવિકતાની વ્યાખ્યા પરત્વેના પક્ષપાતને છતો કરે છે. પણ જો કોઇ આફ્રિકાની બાન્ટુ જેવી ભાષા પાછળ રહેલી દાર્શનિક પીઠિકાને ધ્યાનમાં લે તો સમજાશે કે અહીં આપણે માત્ર ભાષાઓના તુલનાત્મક બંધારણની જ વાત નથી કરતા; આફ્રિકાના શબ્દને જીવંત અને સર્જનાત્મક ગણનારા દૃષ્ટિબિન્દુની પણ નોંધ લેવી પડે. શબ્દ વસ્તુને અસ્તિત્વમાં આણે છે એવી બાન્ટુ લોકોની માન્યતા છે. પણ પશ્ચિમમાં તો એમ માનવામાં આવે છે કે શબ્દો માહિતીના અને માનવીય 'અનુભવ'ના વાહક છે. આની પાછળ એક અત્યન્ત મહત્ત્વનો સૂચિતાર્થ રહેલો છે. મનુષ્ય વિશેનું દાર્શનિક દૃષ્ટિબિન્દુ તથા એના જગતમાંના સ્થાન વિશેની માન્યતા એવી ભાષાવિષયક દાર્શનિક પીઠિકામાં અન્તર્નિહીત થઇને રહ્યાં હોય છે. માનવી ભાષાને જે રીતે વાપરે છે તેમાં એની વાસ્તવિકતા વિશેની દાર્શનિક પીઠિકા પણ પ્રકટ થતી હોય છે, અમેરિકાના ઇન્ડિયનોની 'હોપી' ભાષાનો આપણે અભ્યાસ કરીએ તો તેથી આપણે જગતને સમજવાની એક જુદી રીત કે એક જુદા ઇન્દ્રિયપ્રત્યક્ષોના ક્ષેત્રના પરિચયમાં આવીએ છીએ એટલું જ નથી; એમાં પશ્ચિમની વાસ્તવિકતાને માટેના બીજા પર્યાયો માત્ર મળી રહે છે એવું પણ નથી. આપણે ભારતની કે પૂર્વના કોઇ દેશની ભાષાનો અભ્યાસ કરીશું તો આપણને સમજાશે કે modernity પાછળ રહેલી માનસિક અભિજ્ઞતા તે પશ્ચિમની ભાષાકીય વાસ્તવિકતાના અંશ રૂપ જ છે.

'અર્વાચીનતા અને અનુઅર્વાચીનતા' (ચિન્તયામિ મનસા) – સુરેશ જોષી

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 15 |

Prepp
Your Personal Exams Guide



પ્રશ્ન : ૦૪ નીચે આપેલ ગદ્યખંડની સઘન વાચના કરી પ્રશ્નોના ઉત્તરો આપો. (૩ ગુણ × ૫ પ્રશ્નો) (૧૫ ગુણ)

*

ભાષા– હું જુવાન છઉં, જોસ્સાવાળો છઉં, બોલવાની છટા છે, વિચાર તરત સુઝે છે, નાગરી ન્યાતમાં છઉ, હવે મારો ગરમ થયલો વિચાર સ્હેલથી જોસ્સાવાળી ભાષામાં કેમ ન નિકળે? મારી ગદ્યની ભાષા તે સરળ ને જોસ્સાવાળી સહુ કહે છે, ત્યારે મારી કવિતાની ભાષા સરળ ને જોસ્સાવાળી કેમ ન હોય? કવિતા લખતાં તો જોસ્સો બહુ ઉભરાઇ આવે છે. હું ગામડિયો નથી, પણ શહેરી છઉં, ઉંચ કુળનો છઉં, ઉંચી સંગતમાં છઉં, જન્મ ધરી શુદ્ધ બોલતો લખતો આવ્યો છઉં, માટે મારી ભાષા શુદ્ધ કેમ ન હોય? શુદ્ધ છે, વ્યાકરણનિયમ જેટલો મારી કવિતામાં છે તેટલો થઇ ગયેલાઓમાં નથી. મારી કવિતાની ભાષા બિલકુલ દોષવાળી નથી–૧૮૫૫થી ૧૮૫૮ લગીની મારી કવિતા, પિંગળના નિયમ પુરતા જાણ્યામાં નહીં તેથી, હ્રસ્વ દીર્ઘ રાખવા જ જોઇએ એ વિચારથી, કોઇને માત્રામેળ છંદો વાંચતાં સાંભળેલા નહીં તેથી, મારી મરજી પ્રમાણે મેં મારા તાલમાં વાંચેલા તેથી, મુંબઇ સુરતમાં કોઇ પિંગળ જાણનારો નહોતો અને શુદ્ધ લખવાની ખંત તેથી, થડકતી છે, એ વાત ખરી; પણ એ જ ઘડી જ થોડી છે, ને એ કવિતા ઉપરથી કેટલાકોનું મત બંધાયું હશે કે ભાષામાં સરલતા નથી. જેમ સાધારણ માણસની બોલાવાની ભાષા, વિદ્વાનની જુદી પડવી જ જોઇએ ને પડે છે, તેમ મારી કવિતા શાસ્ત્રીય ભાષામાં સ્વાભાવિક લખાયાથી, ને નવા જ વિષયોને નવી જ લાગે તેવી ઢબથી લખેલી તેથી, તે સાધારણ લોકને મારી ભાષા સારી ન જ લાગે. સાધારણ સંસ્કૃત ભાષાથી કાવ્યની ભાષા તેની ઢબમાં ઘણી જ જુદી પડે છે, પણ શું ત્યારે એ દોષવાળી છે? ના. સંસ્કૃત મહાકાવ્યોની ભાષાના કદરદાન પંડિતો જ છે. તે એટલી તો મુશ્કેલ છે કે તે કાવ્યને અભ્યાસ કરેલા એવા શાસ્ત્રીને પણ થોડે વરસે તે પર ટીકા વાંચવાની તે ગરજ પાડે છે. વિદ્વાનની ભાષા તે જ ખરી ને સુંદર ભાષા. એલીઝાબેથના વખતની પહેલાની ભાષા ને હાલની ભાષા ઘણી જુદી પડે છે, માટે શું તે ભાષા સારી? ના. એલીઝાબેથના વખતની ભાષા કરતાં આન ને જીયોર્જ ત્રીજાના વખતની ભાષા સહુથી સારી ગણાય છે. ૧૮૨૭ થી ગુજરાતી ભાષા સુધરવા માંડી છે, ને એ સુધરેલી ભાષામાં હું પહેલો જ છું. ને એ ભાષા જૂની સમજના ઘરડાઓને અને હાલના સમજના લોકોને ઘણી જ સારી લાગે છે. હવે મારી ભાષા દોષવાળી કેમ કહેવાય? અલબત્ત પ્રથમ ખેડાતી ભાષામાં હું પહેલો છઉં માટે તે દોષવાળી હોય, તો પણ શું એ ઉપરથી મારી ગુજરાતી ભાષા પ્રેમાનંદની ભાષાથી ઉતરતી પંક્તિતની કહેવાય? ના, ના. મારો સુધારાનો નવો વિષય, તેમાં વળી કવિતાની ભાષામાં તે લખાયલો તો ભાષા જુદી પડવી જ જોઇએ, પણ જુદી છે અને નઠારી છે એમ કેમ કહેવાય? કવિતાની ભાષા ગદ્યભાષાથી જુદી પડવી જ જોઇએ, અંગ્રેજી સારી કવિતાની, ને સંસ્કૃત સારી કવિતાની ભાષા લખવાની ઢબ ઉપરથી અંગ્રેજી સંસ્કૃતની ગદ્યભાષાથી જુદી જ પડે છે. 'પ્રેમે શું છોડી દીધી,' એ કોઇ સાધારણ માણસથી સમજાશે નહીં ને એમ કોઇ બોલતું પણ નથી, માટે શું એ અશુદ્ધ ને નઠારી ભાષા છે? સમજતો વિદ્વાન તો ઉલટું વખાણ કરશે. એમાં પ્રેમને રૂપક આપી કહ્યું છે કે પ્યારી તું ને પ્રેમ એ બે દોસ્ત હતાં, પણ હવે શું પ્રેમે તારી દોસ્તી મૂકી દીધી છે? પ્રેમના જોસ્સા સાથે તને ઘણું બનતું, તે શું હવે તે જોસ્સાએ તને મૂકી દીધી છે? શું તારામાંથી તે જોસ્સો ગયો છે?

નર્મદ

'મારી હકીકત'

પ્રશ્નો

*

૪.૧ લેખકનો પોતાની ભાષા વિશેનો ખ્યાલ કેવો જણાય છે?

૪.૨ લેખકનો પોતાની કવિતાઓ વિશેનો મત શું છે?

૪.૩ આ ગદ્યઅંશમાં લેખકનું ભાષાવિકાસ વિશેનું કયું નિરીક્ષણ નોંધપાત્ર છે?

૪.૪ લેખક પોતાની કાવ્યસર્જનની પ્રક્રિયા વિશે કેવો આલેખ રચી આપે છે?

૪.૫ આ ગદ્યઅંશમાં લેખકે કયા મહત્ત્વના પ્રશ્નો ઊભા કર્યા છે?

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 15 |

પ્રશ્ન : ૦૫ (આશરે ૧૫૦ શબ્દો) (૧૦ ગુણ)

રાષ્ટ્રીય અપરાધ રેકોર્ડ બ્યૂરો, નવી દિલ્હી દ્વારા 'નેશનલ સાઇબર ક્રાઇમ રિપોર્ટીંગ પોર્ટલ' ની સુવિધા ભારતના નાગરિકો માટે શરૂ કરવામાં આવી રહી છે. આ અંગેની માહિતી આપતું સંસ્થાના ડિરેક્ટરશ્રીનું ઔપચારિક ભાષણ તૈયાર કરો.

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| કુલ ગુણ / TOTAL MARKS: 10 |

પ્રશ્ન : ૦૬ (આશરે ૧૫૦ શબ્દો) (૧૦ ગુણ)

'અ બ ક' શહેરના પોલીસ કમિશ્નરશ્રી દ્વારા શાળાના વિદ્યાર્થીઓ માટે 'ટ્રાફિકના નિયમો' અંગેની જાગૃતિ માટે અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાન અંગેની જાણકારી આપતું પોલીસ કમિશ્નરશ્રીનું પત્રકાર પરિષદ માટેનું ઉદ્‌બોધન તૈયાર કરો.

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| કુલ ગુણ / TOTAL MARKS: 10 |

પ્રશ્ન : ૦૭ (આશરે ૧૦૦ શબ્દો) (૧૦ ગુણ)
શહીદ દિનની ઉજવણી અંગે જાણકારી આપતું 'ત થ દ' શહેરના કલેક્ટરશ્રીનું પ્રચાર માધ્યમ માટેનું નિવેદન તૈયાર કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS
કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન : ૦૮ (આશરે ૧૦૦ શબ્દો) (૧૦ ગુણ)
ભારતીય લશ્કરના સૈનિક તરીકે તમે અનુભવેલ કારગીલ યુધ્ધ વિશે વિગતે વર્ણન કરતો પત્ર તમારા પરિવારને સંબોધીને લખો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS
કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન : ૦૯ (આશરે ૧૫૦ શબ્દો) (૧૦ ગુણ)
ગ્રામીણ વિસ્તારોનાં પરિવારોમાં કમ્પ્યૂટરનો ઉપયોગ વધે એ અંગે રચનાત્મક સૂચનો રજૂ કરતું ચર્ચાપત્ર 'મ ભ બ' વર્તમાનપત્રના તંત્રીશ્રીને લખો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS
કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન : ૧૦ (આશરે ૧૫૦ શબ્દો) (૧૫ ગુણ)
સુશાસન માટે ડ્રગ્સ વિરોધી કાયદાના યોગ્ય અમલીકરણ અંગે આવશ્યક આયોજન, વ્યૂહ રચના અને અંદાજિત ખર્ચની વિગતો આપતું 'ચ છ જ' શહેરના પોલિસ કમિશ્નરશ્રીનું ગુજરાતના ગૃહમંત્રીશ્રીને સંબોધતું અરજીપત્ર તૈયાર કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS
કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન : ૧૧ (આશરે ૧૫૦ શબ્દો) (૧૫ ગુણ)
તમે 'ત થ દ' ફોરેન્સિક સાયન્સીઝ યુનિવર્સિટીની મુલાકાત લીધી. આ મુલાકાત દરમિયાન યુનિવર્સિટીના અભ્યાસક્રમથી તમે પ્રભાવિત થયા. ઉપરાંત, હાલના સમયમાં આ પ્રકારનો અભ્યાસ તમને ન્યાયની પ્રક્રિયા માટે અત્યંત મહત્ત્વપૂર્ણ જણાયો. આ અનુભવને ધ્યાનમાં રાખીને તમારા રચનાત્મક નિરીક્ષણો આપતો વિસ્તૃત અહેવાલ લખો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS
કુલ ગુણ / TOTAL MARKS: 15

પ્રશ્ન : ૧૨ (આશરે ૧૫૦ શબ્દો) (૧૦ ગુણ)
ભારતીય સેનામાં દીકરીઓને ભરતી કરવા માટે આપણા પરિવારો તૈયારી બતાવતા નથી. આ પરિસ્થિતિ વિશે કારણો દર્શાવતો અને ઉપાયો સૂચવતો 'ક ખ ગ' અને 'ત થ દ' નામના નાગરિકો વચ્ચેનો સંવાદ તૈયાર કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS
કુલ ગુણ / TOTAL MARKS: 15

પ્રશ્ન : ૧૩ (૨૦ ગુણ)
આપેલ અંગ્રેજી ગદ્યખંડનો ગુજરાતીમાં ભાવાત્મક અનુવાદ કરો.

After this experience it was a long time before I climbed another tree. The mere thought filled me with terror. It was the sweet allurement of the mimosa tree in full bloom that finally overcame my fears. One beautiful spring morning when I was alone in the summer-house, reading, I became aware of a wonderful subtle fragrance in the air. I started up and instinctively stretched out my hands. It seemed as if the spirit of spring had passed through the summer-house. "What is it?" I asked, and the next minute I recognized the odour of the mimosa blossoms. I felt my way to the end of the garden, knowing that the mimosa tree was near the fence, at the turn of the path. Yes, there it was, all quivering in the warm sunshine, its blossom-laden branches almost touching the long grass. Was there ever anything so exquisitely beautiful in the world before! Its delicate blossoms shrank from the slightest earthly touch; it seemed as if a tree of paradise had been transplanted to earth. I made my way through a shower of petals to the great trunk and for one minute stood irresolute; then, putting my foot in the broad space between the forked branches, I pulled myself up into the tree. I had some difficulty in holding on, for the branches were very large and the bark hurt my hands. But I had a delicious sense that I was doing something unusual and wonderful so I kept on climbing higher and higher, until I reached a little seat which somebody had built there so long ago that it had grown part of the tree itself. I sat there for a long, long time, feeling like a fairy on a rosy cloud. After that I spent many happy hours in my tree of paradise, thinking fair thoughts and dreaming bright dreams.

Helen Keller
THE STORY OF MY LIFE

મેળવેલ ગુણ / OBTAINED MARKS
કુલ ગુણ / TOTAL MARKS: 10

મેળવેલ ગુણ / OBTAINED MARKS
કુલ ગુણ / TOTAL MARKS: 20

પ્રશ્ન : ૧૪ સૂચના પ્રમાણે ગુજરાતી વ્યાકરણને લગતા પ્રશ્નોના ઉત્તરો આપો. (૧૦×૨=૨૦ ગુણ)

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 20

૧૪.૧ : રૂઢિપ્રયોગોનો અર્થ આપી તેમનો વાક્યમાં પ્રયોગ કરો.

૧૪.૧.૧ ચોથો પાયો ન હોવો

૧૪.૧.૨ ધરવ થવો

૧૪.૨ : કહેવતોનો અર્થ સમજાવો.

૧૪.૨.૧ ઊજળું એટલું દૂધ નહીં

૧૪.૨.૨ તાંબાની તોલડી તેર વાનાં માંગે

૧૪.૩ : સમાસનો વિગ્રહ કરી તેની ઓળખ આપો.

૧૪.૩.૧ સ્વરાજ્ય

૧૪.૩.૨ નીલકંઠ

૧૪.૪ : પંક્તિઓના છંદ ઓળખાવો.

૧૪.૪.૧ બોખી શીશી ટિનનું ડબલું બાલદી કૂખકાણી

૧૪.૪.૨ મળે અધિક જે તને મુજ થકી ઉરે થાપજે

૧૪.૫ : અલંકાર ઓળખાવો.

૧૪.૫.૧ ગુલછડી સમોવડી હતી એક બાલિકા નમણી.

૧૪.૫.૨ રાતે તડકાએ સીમમાં રાત વાસો કર્યો.

૧૪.૬ : શબ્દસમૂહો માટે એક શબ્દ આપો.

૧૪.૬.૧ સાંભળી ન શકનાર

૧૪.૬.૨ ધરતીની સપાટી

૧૪.૭ : શબ્દોની જોડણી સુધારો.

૧૪.૭.૧ દૂર્બુધ્ધી

૧૪.૭.૨ વીનીર્મીત

૧૪.૮ : વાક્યોમાં જોડણી અને વાક્યરચનાની ભૂલો સુધારો.

૧૪.૮.૧ સામળદાસ કોલેજમાં વીદ્યાર્થીઓનું ત્રૈમાશિક નીકળવા લાગ્યું હતું.

૧૪.૮.૨ અદૃષ્ય સૃષ્ટીનું જે રહસ્ય અને જે કૌતુક હૃદયને આતુર બનાવી રાખે એ મને સાંપડી છે.

૧૪.૯ : શબ્દોની સંધિ જોડો અને છોડો.

૧૪.૯.૧ સંધિ જોડો – સમ્ + બોધન

૧૪.૯.૨ સંધિ છોડો – રમણ

૧૪.૧૦ : વાક્યરચના અંગે આપેલ સૂચના મુજબ ઉત્તર આપો.

૧૪.૧૦.૧ પ્રશ્ન વાક્યમાંથી વિધિ વાક્ય બનાવો – એક આંખે કામ કરવું શી રીતે ફાવે?

૧૪.૧૦.૨ વિધિ વાક્યમાંથી નિષેધ વાક્ય બનાવો – તમે સાચું બોલો છો.

Prepp Your Personal Exam Guide

Q.-1. Write an essay on any ONE of the following in minimum 200 to maximum 250 words. It must exhibit your grasp and critical understanding of the subject in the best possible individual style having originality of thought and expression. It must be well-argued piece of writing coherently and sequentially with observance of grammatical rules.

i. COVID-19 pandemic and efforts of the scientific community internationally to find answers to it in terms of therapeutics and vaccines.

ii. "The Feminist Space in India is Distinctive since the Vedic Era." Present your argument on this idea.

iii. Data Science, one of the most significant advances of this century.

iv. Is there a disconsolate pain of pending justice in Indian Judicial System?

v. Worldwide rising income inequality is the cause of many economic and social ills, ranging from low consumption to social and political unrest, and it is damaging our future as well as Global well-being.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 20

Q.-2. As a Police Inspector, write a letter, in about ***150*** words, apprising your senior about proper disposal of the huge number of detained vehicles lying in your police station compound.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 15

Q.-3. As a Public Relation Officer of Cyber Cell Division, draft a Press Release, in about ***200*** words, to all the parties concerned, requesting for needful precautions to be taken while dealing with unknown numbers, links, customer care numbers, unknown mails and not become victims of cybercrimes.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 20

Q.-4. Tokyo Olympics have just concluded. Write your meaningful reflections and observations about the following image in about ***150*** words.



મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 15

Prepp
Your Personal Exams Guide



Q.-5. Your team recently visited the area under your police station to conduct a survey on whether the details of all the tenants are submitted by the respective landlords to the police station. As the leader of the team, submit the report to your senior, in about ***150*** words, about the facts and needful measures to be taken.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 20

Q.6. Write a dialogue, in about ***150*** words, between you and your friend discussing the changes in life style of people in the post-COVID world.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 15

Q.-7. Draft a formal speech, in about ***150*** words, to be delivered by the Range DIG at the completion of commando training of a batch of PSIs.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 15

Q.-8. Write a précis of the following passage in about one-third of its original length.

Environmental pollution is the unfavorable alteration of our surroundings, wholly or largely as a byproduct of man's actions, through direct or indirect effects of the changes in the energy pattern, radiation levels, and chemical and physical constitution and abundance of organisms. Environmental pollution is a global problem and is common to both developed as well as developing countries, which attracts the attention of human beings for its severe long-term consequences. The decline in environmental quality as a consequence of pollution is evidenced by loss of vegetation, biological diversity, excessive amounts of harmful chemicals in the ambient atmosphere and in foodgrains, and growing risks of environmental accidents and threats to life support systems. Pollution is viewed from different angles by different people but is commonly agreed to be the outcome of urban-industrial and technological revolution and rapacious and speedy exploitation of natural resources, increased rate of exchange of matter and energy, and ever-increasing industrial wastes, urban effluents, and consumer goods. Singh has defined pollution in a very simple manner, i.e., "Disequilibrium condition from equilibrium condition in any system." This definition may be applied to all types of pollution ranging from physical to economic, political, social, and religious. Over the past couple of decades, various sources of pollution were identified that altered the composition of water, air, and soil of the environment. The substances that cause pollution are known as pollutants. A pollutant can be any chemical or geochemical substance, biological organism or product, or physical substance that is released intentionally or inadvertently by man into the environment with actual or potential adverse, harmful, unpleasant, or inconvenient effects. Such undesirable effects may be direct or indirect, being mediated via resource organisms or climate change.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 20

prepp Your Personal Exams Guide

www.prepp.in

Prepp
Your Personal Exams Guide



| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| --- |
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 20 |

Q.-9. Read the following passage carefully and answer questions that follow. (10 × 2 = 20)

At the outset do not be worried about this big question - Truth. It is a very simple matter if each one of you starts with the desire to get as much as possible. No human being is constituted to know the truth, the whole truth, and nothing but the truth; and even the best of men must be content with fragments, with partial glimpses, never the full fruition. In this unsatisfied quest of attitude of mind, the desire, the thirst – a thirst that from the soul must rise! Charles Lamb remarks, that some people do not know what to do with truth when it is offered to them, but the tragic fate is to reach, after years of patient search, a condition of mind-blindness in which truth is not recognized, though it stares you in face. This can never happen to a man who has followed step by step the growth of truth, and who knows the painful phases of its evolution. It is one of the great tragedies of life that every truth has to struggle to acceptance against honest but mind-blind students. Only steadfastness of purpose and humility enables the student to shift his position to meet the new conditions in which new truths are born, or old ones modified beyond recognition. The honest heart will keep him in touch with his fellow students and furnish that sense of comradeship without which he travels an arid waste alone.

Questions:

1. In the unsatisfied quest, where must the thirst arise?
2. The remark of which literary figure is expressed in the passage?
3. What happens to some people when the truth is offered to them?
4. What is meant by condition of mind - blindness?
5. Who can overcome the condition of mind - blindness and to whom this never happens?
6. Which is one of the great tragedies of life?
7. What enables the student to shift his position?
8. What happens in new condition?
9. What will the student's honest heart do?
10. Give a suitable title to the passage.

prepp
Your Personal Exams Guide



| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| --- |
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 20 |

Q.-10. Do as directed: (20 × 1 = 20)

Choose the correct answer from the given options and darken the circle **(●)** as well as write the correct answer in the bracket ( CAPITAL LETTER) as per the sample given below.

Sample Ans.: ( C ) (A) ○ (B) ○ (C) ● (D) ○ (E) ○

i. Aristotle is known to have said something like this: __________ man is a political animal is pretty obvious.

A. This
B. The
C. A
D. That
E. None of the above

ii. When I woke up this morning, there was __________ heavy dew covering __________ long green summer grass in our garden.

A. the / a
B. (no article) / the
C. some / a
D. the / (no article)
E. a / a

iii. We have already done the exercise. *(Change the voice)*

A. Already the exercise has been done by us.
B. The exercise has already been done by us.
C. The exercise had been already done by us.
D. The exercise is already done by us.
E. None of the above.

iv. The agent had disclosed the secret before it was evening. *(Change the voice)*

A. The secret was disclosed by the agent before it was evening.
B. The secret had disclosed by the agent before it had been evening.
C. The secret had been disclosed by the agent before it was evening.
D. The secret was disclosed by the agent before it had been evening.
E. None of the above

Prepp
Your Personal Exams Guide



v. Payal said that she had been planning for that for a while. *(Change into direct speech)*

A. Payal said, "I had a plan for this for a while."

B. Payal said, "I have planned for this for a while."

C. Payal said, "I have been planning for this for a while."

D. Payal said, "I planned this for a while."

E. None of the above

vi. He said, "Can we go tomorrow?" *(Change into indirect speech)*

A. He said if we can go tomorrow.

B. He asked if we could go the following day.

C. He asked if we could go the previous day.

D. He said whether we could go the following day.

E. None of the above

vii. Stop it. *(Transform the given sentence into interrogative.)*

A. Will you stop it?

B. Please stop it.

C. Can you stop it?

D. Please stop.

E. None of the above.

viii. Unfortunately, our local library had __________ books on the subject, so I'm going to the city library tomorrow hoping to find __________ more.

A. much / a little

B. a little / a lot

C. little / many

D. a few / much

E. few / some

ix. Look! One of __________ in the race __________.

A. stallion / have fallen

B. the athletes / had fallen

C. the horses / has fallen

D. children / are falling

E. the competition / was falling

x. If there is __________ food in the world for everyone, why do so __________ people die of starvation?

A. little / much

B. enough / many

C. much / few

D. any / a lot of

E. less / more

xi. In their discussions concerning the proposed defence strategies, NATO diplomats found they could not agree __________ what the alliance was __________, what weapons it would threaten to use and in what circumstances.

A. on / for

B. about / into

C. with / over

D. by / about

E. before / through

xii. The works of the ancient Greek physician Hippocrates commonly known as the Hippocratic Collection, consist __________ about 70 works, __________ which only a relatively small number are possibly by him.

A. of / of

B. in / for

C. for / in

D. at / about

E. by / within

xiii. The actor's __________ decline in popularity was as striking and unexpected as his meteoric rise to prominence had been.

A. sudden

B. gradual

C. precipitous

D. dazzling

E. inevitable

xiv. The letter was so badly written that I could not __________ what she was trying to say.

A. give in

B. turn over

C. hold off

D. wear down

E. make out

xv. Lean and mean *(Choose the correct meaning)*

A. To destroy something
B. To create something
C. Using only what is necessary
D. Not afraid of dangerous situations
E. None of the above

xvi. Choose the correct synonym of the word 'ABDICATE'.

A. Join
B. Search
C. Abandon
D. Advance
E. None of the above

xvii. Choose the correct antonym of the word 'COERCIVE'.

A. Progressive
B. Promoting
C. Opinionated
D. Gentle
E. None of the above

xviii. 'A person living permanently in a certain place' *(Give one word substitution)*

A. Resident
B. Native
C. Domicile
D. Subject
E. None of the above

xix. I hope the ______ is fine.

A. weather
B. wethere
C. whether
D. weathere
E. wether

xx. Give me a __________ of cake.

A. peace
B. piece
C. piace
D. pieca
E. paece

prepp Your Personal Exam Guide

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 20

**Q.-11.** Translate the following passage from Gujarati into English.

એક વાર રાતની ટ્રેનમાં મારે મારા વતન સાવરકુંડલા જવાનું હતું. મારે ત્યાં આવેલા બે મહેમાનો પણ મારી સાથે આવવાના હતા, આમાંના એક સ્નેહી રિઝર્વેશન કરાવવા સ્ટેશને ગયા. રિઝર્વેશનના ફોર્મમાં નામ, જાતિ અને ઉંમર દર્શાવવાનાં હોય છે. મારા નામ કે મારી જાતિ અંગે મૂંઝવણ અનુભવવાનું સ્નેહી માટે કશું કારણ નહોતું, પરંતુ મારી ઉંમર અંગે એમને ખરે જ મૂંઝવણ થઈ. રિઝર્વેશન કરાવવા માટે એ નીકળ્યા ત્યારે હું એમને મારી ઉંમર કહેતાં ભૂલી ગયો અને એ પૂછતાં ભૂલી ગયા. અનુમાનને આધારે એમને મારી ઉંમર લખવાની થઈ. એ ખરે જ મૂંઝાયા. રિક્ષામાં ઘેર પૂછવા આવે તો એક રિઝર્વેશન જેટલો ખર્ચ વધુ થાય ને બસમાં આવે તો રિઝર્વેશનની બારી બંધ થઈ જાય. અનુમાનને આધારે એમણે મારી ઉંમર લખવાનો નિર્ણય કર્યો. હું નાનો હતો ત્યારથી મોટો દેખાઉં છું ને મોટો થયા પછી વધુ મોટો દેખાઉં છું. મારા આ દેખાવે એમને ગેરમાર્ગે દોર્યા. વળી કમરનો દુખાવો, ઢીંચણનો દુખાવો, હાર્ટની તકલીફ, જતા રહેલા માથાના વાળ – આ બધા સાંયોગિક પુરાવાઓની એમણે મદદ લીધી. મારી ઉંમરમાં એમણે દસકો ઉમેરી દીધો. સાઠને બદલે એમણે મારી ઉંમર સિત્તેર વર્ષ દર્શાવી. મારી ઉંમર છે એના કરતાં કોઈ વધુ કહે કે માને એ સામે હું ક્યારેય વાંધો નથી લેતો. પણ આ ભૂલને કારણે કેવી આફતનો સામનો કરવાનો આવવાનો છે એની એમને કે આ આફત ઊભી થઈ ત્યાં સુધી મને સહેજે કલ્પના નહોતી.

ટિકિટ જોઈ હું ચમક્યો. મારા સીટ નંબર સામે સિત્તેર વર્ષ દર્શાવેલાં હતાં. સિનિયર સિટીઝન તરીકે કન્સેશનનો લાભ આપવામાં આવ્યો હતો. સ્નેહીએ કહ્યું, 'ખોટું કન્સેશન લેવાનો આપણો ઈરાદો નહોતો, પરંતુ ભગવાન તમને કન્સેશનનો લાભ અપાવવા ઈચ્છતા હશે એટલે એમણે મારી પાસે ભૂલ કરાવી.'

| | | |
|---|---|---|
| Q.-1. | Describe the judicial and espionage system of India during the Mauryan period. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| પ્ર.-1. | મૌર્યકાળ દરમ્યાન ભારતના ન્યાયિક અને જાસૂસીતંત્રનું વર્ણન કરો. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| Q.-2. | Evaluate the contribution of Bhakti Movement in the cultural formation of India. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| પ્ર.-2. | ભારતના સાંસ્કૃતિક ઘડતરમાં ભક્તિ આંદોલનના પ્રદાનને મૂલવો. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| Q.-3. | Discuss the immediate and long-term impact of the Indian War of Independence of 1857. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| પ્ર.-3. | ઈ.સ. 1857ના ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના તાત્કાલિક અને દુરોગામી પરિણામોની ચર્ચા કરો. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| Q.-4. | Review the factors responsible for the origin of Mahagujarat Movement and analyze its consequences. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| પ્ર.-4. | મહાગુજરાત ચળવળના ઉદય માટેના પરિબળોની સમીક્ષા કરો અને તેના પરિણામોનું વિશ્લેષણ કરો. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| Q.-5. | Mention how the religious tradition and interest of mass are combined in folk arts. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| પ્ર.-5. | લોકકલામાં ધાર્મિક પરંપરા અને જનસમૂહની રુચિનું સંયોજન કેવી રીતે કરવામાં આવે છે તે જણાવો. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| Q.-6. | What is known as "Aavanu" and "Jaavanu-Gaavanu" in Bhavai? Explain it with examples. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| પ્ર.-6. | ભવાઈમાં "આવણું" અને "જાવણું-ગાવણું" કોને કહેવાય છે? તે સદૃષ્ટાંત સમજાવો. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| Q.-7. | Whether there is a need of Gujarati Theatre troupes in the current time? Explain in detail the measures to be taken to revive the Gujarati Theatre troupes? | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| પ્ર.-7. | શું સાંપ્રત સમયમાં ગુજરાતી રંગભૂમિની નાટ્યમંડળીઓની આવશ્યકતા છે? ગુજરાતી નાટ્યમંડળીઓને પુનર્જીવિત કરવા કયા પગલા લેવા જોઈએ તે વિગતવાર સમજાવો. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| Q.-8. | Discuss with examples the role of Indian Cinema in promoting civic sense among the masses. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| પ્ર.-8. | લોકોમાં "સીવીક સેન્સ"ને પ્રોત્સાહન આપવામાં ભારતીય સિનેમાની ભૂમિકાની ઉદાહરણ સહ ચર્ચા કરો. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| Q.-9. | Discuss the characteristics of the hilly regions of Gujarat. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| પ્ર.-9. | ગુજરાતના ડુંગરાળ વિસ્તારોની વિશિષ્ટતાઓની ચર્ચા કરો. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |

Prepp Your Personal Exam Guide

Prepp
Your Personal Exams Guide



| | | |
|---|---|---|
| Q.-10 | What is knowledge economy? Assess India's progress in becoming a knowledge economy. | મેળવેલ ગુણ / OBTAINED MARKS<br>કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્ર.-10. | જ્ઞાન આધારીત અર્થવ્યવસ્થા (knowledge-based economy) એટલે શું? નોલેજ ઇકોનોમી બનવામાં ભારતની પ્રગતિનું મૂલ્યાંકન કરો. | |
| Q.-11. | Considering the current population related issues of India, whether there is a need of population control? Yes or No? Endorse your reflections. | મેળવેલ ગુણ / OBTAINED MARKS<br>કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્ર.-11. | ભારતની સાંપ્રત વસ્તીવિષયક બાબતોને ધ્યાને લેતાં વસ્તીનિયંત્રણની આવશ્યકતા છે? હા કે ના? તમારા પ્રતિભાવોનું સમર્થન કરો. | |
| Q.-12. | Some sportspersons have not only been limited to their best performance in respective games during their tenure but have also made the respective game popular by giving it a prominent identity. Discuss with examples. | મેળવેલ ગુણ / OBTAINED MARKS<br>કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્ર.-12. | કેટલાક રમતવીરો પોતાના કાર્યકાળ દરમ્યાન જે તે રમતમાં તેઓના માત્ર ઉત્કૃષ્ટ દેખાવ પૂરતાં જ સીમીત રહ્યાં નથી પરંતુ તેઓએ જે તે રમતને એક આગવી ઓળખ આપી લોકપ્રિય બનાવી છે. ઉદાહરણો સાથે ચર્ચા કરો. | |
| Q.-13. | Write a note on the use of Science and Technology in our internal security with examples. | મેળવેલ ગુણ / OBTAINED MARKS<br>કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્ર.-13. | આપણી આંતરીક સુરક્ષામાં વિજ્ઞાન અને ટેકનોલોજીના ઉપયોગ પર ઉદાહરણો સહીત નોંધ લખો. | |
| Q.-14. | Recently the Supreme Court said that it would implement a system for safe digital transmission of bail orders to jails across country. Explain its importance. | મેળવેલ ગુણ / OBTAINED MARKS<br>કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્ર.-14. | તાજેતરમાં સર્વોચ્ચ અદાલતે કહ્યું કે તે દેશભરમાં જેલોને જામીનહુકમોનું સુરક્ષીત ડીજીટલ ટ્રાન્સમીશન માટેની વ્યવસ્થાનું અમલીકરણ કરશે. તેનું મહત્વ સમજાવો. | |
| Q.-15. | Write a note on advantages and disadvantages of the technology of Reverse Osmosis (RO) in drinking water. | મેળવેલ ગુણ / OBTAINED MARKS<br>કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્ર.-15. | પીવાના પાણીમાં "રીવર્સ ઓસ્મોસિસ" (RO) ટેકનોલોજીના લાભ અને ગેરલાભ પર નોંધ લખો. | |
| Q.-16. | Write a note on the occupational hazards of Police while discharging duties at various places and suggest its needful measures. | મેળવેલ ગુણ / OBTAINED MARKS<br>કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્ર.-16. | જુદા જુદા સ્થળોએ ફરજો બજાવતી વખતે પોલીસના વ્યવસાયિક જોખમો પર નોંધ લખો અને તેના જરૂરી ઉકેલો સૂચવો. | |

| | | |
|---|---|---|
| Q.-17. | What is Zero Budgeting Agriculture? Discuss its importance in present context. | મેળવેલ ગુણ / OBTAINED MARKS<br>કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્ર.-17. | “ઝીરો બજેટ” કૃષિ એટલે શું? સાંપ્રત સમયમાં તેના મહત્વની ચર્ચા કરો. | |
| Q.-18. | Analytically evaluate the recently concluded Tokyo Olympic Games with reference to India. | મેળવેલ ગુણ / OBTAINED MARKS<br>કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્ર.-18. | તાજેતરમાં સંપન્ન થયેલ ટોક્યો ઓલિમ્પિક્સ રમતોત્સવની ભારતના સંદર્ભમાં વિશ્લેષણાત્મક મૂલવણી કરો. | |
| Q.-19. | Every year Government of India announces the best 10 Police Stations on the basis of certain parameters. Discuss these parameters. | મેળવેલ ગુણ / OBTAINED MARKS<br>કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્ર.-19. | દર વર્ષે ભારત સરકાર કેટલાક માપદંડોના આધારે 10 શ્રેષ્ઠ પોલીસ સ્ટેશનો જાહેર કરે છે. આ માપદંડોની ચર્ચા કરો. | |
| Q.-20. | Explain the salient features and its importance of Gujarat Integrated Logistics and Logistics Parks Policy 2021. | મેળવેલ ગુણ / OBTAINED MARKS<br>કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્ર.-20. | ગુજરાતની સંકલિત લોજિસ્ટિક્સ અને લોજિસ્ટિક્સ પાર્ક નીતિ 2021ની મુખ્ય વિશેષતાઓ અને તેનું મહત્વ સમજાવો. | |

Prepp Your Personal Exam Guide

**PSM-4** ①

| | | |
|---|---|---|
| Q.-1. | The Constituent Assembly of India provided for an equal Social and Regional representation in its composition. - Discuss. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| પ્ર.-1. | ભારતની બંધારણ સભાએ તેની રચનામાં સમાન સામાજિક અને પ્રાદેશિક પ્રતિનિધિત્વ માટેની જોગવાઇ કરી. - ચર્ચા કરો. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| Q.-2. | How the subjects in the State List can be transferred to the Concurrent List? Explain with examples. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| પ્ર.-2. | રાજ્યયાદીના વિષયોને કેવી રીતે સમવર્તી યાદીમાં બદલી શકાય ? - ઉદાહરણો સાથે સમજાવો. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| Q.-3. | "The power of the President under Article 356 is not absolute but conditional." - Argue. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| પ્ર.-3. | "અનુચ્છેદ 356 હેઠળ રાષ્ટ્રપતિની સત્તા સંપૂર્ણ નથી પરંતુ શરતી છે." - દલીલ કરો. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| Q.-4. | Discuss the provisions of citizenship available for the NRIs with its benefits. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| પ્ર.-4. | બિન નિવાસી ભારતીયો માટે ઉપલબ્ધ નાગરિકત્વની જોગવાઇઓની તેના લાભો સાથે ચર્ચા કરો. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| Q.-5. | What is the importance of the District Planning Committee in the participatory development process in India? Discuss. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| પ્ર.-5. | ભારતમાં સહભાગી વિકાસ પ્રક્રિયામાં જિલ્લા આયોજન સમિતિનું શું મહત્વ છે ? - ચર્ચા કરો. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| Q.-6. | Discuss the recommendations of 2nd Administrative Reforms Commission pertaining to police in its 5th Report titled "Public Order". | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| પ્ર.-6. | બીજા વહીવટી સુધારા આયોગના પોલીસ પરત્વેના તેના "જાહેર વ્યવસ્થા" શિર્ષક સાથેના પાંચમા અહેવાલની ભલામણોની ચર્ચા કરો. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| Q.-7. | Which are the canons of Social Accountability to keep Public Administration on track? Discuss. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| પ્ર.-7. | જાહેર વહીવટને યોગ્ય રીતે રાખવા માટે સામાજિક ઉત્તરદાયિત્વના સિદ્ધાંતો કયા છે ? | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| Q.-8. | Social Audit is necessary for improving any organization's social and ethical performance. - Discuss. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| પ્ર.-8. | કોઇપણ સંસ્થાની સામાજિક અને નૈતિક કામગીરીને સુધારવા માટે સામાજિક અન્વેષણ જરૂરી છે. - ચર્ચા કરો. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |

prepp Your Personal Exam Guide

| | | |
|---|---|---|
| Q.-9. | Discuss the probable impact of current Afghan crises on Indian interests. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| પ્ર.-9. | પ્રવર્તમાન અફઘાન કટોકટીની ભારતના હિતો પરની સંભવિત અસરોની ચર્ચા કરો. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| Q.-10 | Discuss the rationale and utility of having various regulatory commissions in India? | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| પ્ર.-10. | ભારતમાં વિવિધ નિયમનકારી આયોગો રાખવા માટેની તર્કસંગતતા અને ઉપયોગિતાની ચર્ચા કરો. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| Q.-11. | "Focus on Judicious action rather than no action or extreme action while dealing with crime and to avoid the urge to seek publicity including social media." - Reflect on this statement with reference to police force. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| પ્ર.-11. | "ગુના ઉપર કામગીરી કરતી વખતે કશું ન કરવું અથવા આત્યંતિક પગલાં લેવા કરતાં વિવેકપૂર્ણ પગલાં ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું અને સોશિયલ મીડિયા સહીતની પબ્લીસીટી માટેની ઈચ્છાને ટાળવી." - આ વિધાન ઉપર પોલીસ દળના સંદર્ભે પ્રતિભાવ આપો. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| Q.-12. | "Non-performance of duty by a public servant is also a type of corruption." - Justify. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| પ્ર.-12. | "જાહેર સેવક દ્વારા ફરજોનું પાલન ન કરવું એ પણ ભ્રષ્ટાચારનો એક પ્રકાર છે." - ઉચિત ઠેરવો. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| Q.-13. | Gujarat Budget 2021-22 has focussed more on Social Development. - Discuss. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| પ્ર.-13. | ગુજરાત અંદાજપત્ર 2021-22 એ સામાજિક વિકાસ ઉપર વધુ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. - ચર્ચા કરો. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| Q.-14. | The Foreign Exchange Reserves of India is very positive in the recent times. - Draw a complete picture of India's Foreign Exchange Reserves. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| પ્ર.-14. | ભારતનો વિદેશી મુદ્રા ભંડાર તાજેતરના સમયમાં ખૂબ જ નિશ્ચાત્મક (positive) છે. ભારતના વિદેશી મુદ્રા ભંડારનું સંપૂર્ણ ચિત્ર રજૂ કરો. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| Q.-15. | What is the definition of Fiscal Deficit in Union Budget? Why emphasis is given on curtailing fiscal deficit for any economy? | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| પ્ર.-15. | કેન્દ્રિય અંદાજપત્રમાં રાજકોષીય ખાધની વ્યાખ્યા શું છે ? કોઈપણ અર્થતંત્ર માટે રાજકોષીય ખાધ ઘટાડવા પર શું કામ ભાર મૂકવામાં આવે છે ? | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| Q.-16. | What is Geographical Indication? What is the significance of having GI tag for a particular product? Enlist the GI products of Gujarat. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| પ્ર.-16. | જીઓગ્રાફીકલ ઈન્ડીકેશન એટલે શું ? ચોક્કસ ઉત્પાદન / બનાવટ માટે GI ટેગ હોવાનું મહત્વ શું છે ? ગુજરાતની GI ઉત્પાદન / બનાવટની યાદી આપો. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |

prepp Your Personal Exam Guide

| | | |
|---|---|---|
| Q.-17. | Discuss India's performance in the Global Competitiveness Index. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| પ્ર.-17. | વૈશ્વિક સ્પર્ધાત્મકતા સૂચકાંકમાં ભારતના પ્રદર્શનની ચર્ચા કરો. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| Q.-18. | Discuss the significance of the under construction Delhi-Mumbai Express Highway. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| પ્ર.-18. | નિર્માણાધિન દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવેના મહત્વની ચર્ચા કરો. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| Q.-19. | Family values play an important role in making a public servant honest or corrupt. - Discuss. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| પ્ર.-19. | પારીવારિક મૂલ્યો જાહેર સેવકને પ્રામાણિક અથવા ભ્રષ્ટાચારી બનાવવામાં અગત્યની ભૂમિકા ભજવે છે. - ચર્ચા કરો. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| Q.-20. | Maritime Security is now the focal point of India's Foreign Policy and Defence Strategy. - Discuss. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| પ્ર.-20. | મેરીટાઈમ સીક્યુરીટી હવે ભારતની વિદેશનીતિ અને સંરક્ષણ વ્યૂહરચનાનું કેન્દ્રિય બિંદુ છે. - ચર્ચા કરો. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |

Prepp Your Personal Exam Guide

Prepp
Your Personal Exams Guide



Prepp Your Personal Exam Guide